# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૯/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ‘સ્ટાર્ટઅપમાં રોકાણની તકો’ વિશે ચેમ્બરમાં માહિતીસભર સંવાદ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ટાઇ સંસ્થાના સંયુકત ઉપક્રમે ગુરૂવારે, તા. ૧૮ જુલાઇ ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધી, નાનપુરા, સુરત ખાતે ‘સ્ટાર્ટઅપમાં રોકાણની તકો’ વિશે ખાસ સંવાદનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિકસતા ભારતમાં નવા ઉદ્યોગ સાહસિકોને પોતાના નવા વેન્ચર અને સ્ટાર્ટઅપ માટે રોકાણની પુરતી તકો સુરત તરફથી મળી રહે તેને ઘ્યાનમાં રાખીને આ હેતુલક્ષી સંવાદ યોજાયો હતો. જેમાં શહેર જગતના આર્થિક સલાહકારો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને મહત્વના એચએનઆઇઓએ સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકોને બુશ કરવા માટે ઇન્વેસ્ટરોની મહત્વની ભૂમિકા વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, દેશની ઇકોનોમીને બુશ કરવા માટે સ્ટાર્ટઅપ સારુ પગલુ બની રહેશે. સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોર્સ ખૂબ જ મહત્વના પાસા છે. સ્ટાર્ટઅપ એ એક વિચાર છે જેને પ્લાન કરી શકાય છે પરંતુ ઇન્વેસ્ટમેન્ટ વગેર તે પ્લાન થઇ શકે તેમ નથી. ચેમ્બરની સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ ટાઇ વિશે માહિતી આપી જણાવ્યુ હતુ કે ચેમ્બર અને ટાઇ દ્વારા આજના કાર્યક્રમ થકી સ્ટાર્ટઅપ અને ઇન્વેસ્ટરોને એક મંચ ઉપર એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી મહેન્દ્ર કતારગામવાલાએ જણાવ્યુ હતુ કે, સ્ટાર્ટઅપમાં ઇન્વેસ્ટ કરનાર ઉદ્યોગપતિ અને ઉદ્યોગ સાહસિકે બે – ત્રણ વર્ષ માટે નફાને ભુલીને ઉદ્યોગનું સાહસ કરવુ પડશે. શ્રી રૂપીન પચ્ચીગરે

સુરતના ઉદ્યોગ સાહસિકોને ઇન્વેસ્ટમેન્ટ મળી રહે તે માટે ઉદ્યોગપતિઓએ આગળ આવવુ જોઇએ અને ખૂબ જ મોટાપાયે નહી પણ નાના પાયે ફંડ એકત્રિત કરવું જોઇએ.

વિવિધ સ્ટાર્ટઅપમાં ફંડીગ કરનારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી નિરવ જોગાણીએ જણાવ્યુ હતુ કે તેમની કંપની ક્રાઉડ ફંડીગનું પ્લેટફોર્મ પુરુ પાડે છે. સ્ટાર્ટઅપના આઇડીયાઝ બહુ ઇનોવેટીવ હોય તે જરૂરી નથી પણ ઉદ્યોગ સાહસિકમાં આત્મવિશ્વાસ હોવો જોઇએ. સ્ટાર્ટઅપને નવો ફંડ ફલો આવવાનો બંધ થાય તો બિઝનેસ બંધ થવાના ચાન્સીસ હોય છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી અશોક શારદાએ જણાવ્યુ હતુ કે સ્ટાર્ટઅપ, મેન્ચરીગ અને એન્જલ ફંડીગમાં સરકાર દ્વારા પણ ઘણુ સારુ કામ થઇ રહયુ છે. શ્રી આનંદ નાયડુએ જણાવ્યુ હતુ કે, ઉદ્યોગ સાહસિકોના આઇડીયાઝને એકઝીકયુટ કરવાનું ખૂબ જ મહત્વનું હોય છે. વ્યકિતગત જ નહી પણ યુવા વર્ગને ટીમમાં કામ કરવુ પડશે. શ્રી પંકજ ત્રિવેદીએ સ્ટાર્ટઅપ કે ઉદ્યોગ સાહસિક શાર્ટ હોવા જોઇએ તેમ જણાવ્યુ હતુ.

એનજે ઇન્ડીયાના શ્રી જિગ્નેશ દેસાઇએ જણાવ્યુ હતુ કે, રોજગારીનું નિર્માણ કરવા માટે પણ સ્ટાર્ટઅપ જરૂરી છે. એના માટે સ્ટાર્ટઅપને ઇન્વેસ્ટમેન્ટ જોઇશે. ઉદ્યોગપતિઓ ઉદ્યોગ સાહસિકોના આઇડીયાઝને પારખીને એનામાં ઇન્વેસ્ટ કરી શકે છે. જેના થકી એક સ્ટાર્ટઅપ ઘણાને રોજગારી પુરી પાડશે અને દેશનો આર્થિક વિકાસ પણ થશે. સ્ટાર્ટઅપને બિઝનેસ કર્યા બાદ સમાજને પણ આપવાનું છે તેવી ભાવના સાથે આગળ વધવુ જોઇએ.

સ્ટાર્ટઅપ શરૂ કરીને સફળતાની દિશામાં આગળ વધનારા સુરતના શ્રી હાર્દિક દેસાઇ (મેલઝો ડોટ કોમ), શ્રી શૈવલ દેસાઇ (સીટી તડકા) અને શ્રી આનંદ સરાફ (વીશબુક માર્કેટ નેટવર્ક) દ્વારા નવી ટેકનોલોજીને અપનાવીને ઉદ્યોગમાં કરેલા સાહસ વિશે પોતાના અનુભવો વર્ણવી યુવા વર્ગને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ ચેમ્બરની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી જણાવ્યુ હતુ કે ઉદ્યોગ સાહસિકોને ગ્રુમ અને નર્ચર કરવા માટે રોકાણની તકો કઈ રીતે મેળવી શકાય તે માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. ચેમ્બરની આંત્રપ્રિન્યોર્સ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ જણાવ્યુ હતુ કે માત્ર ઉદ્યોગ સાહસિકોને જ નહી પણ એકઝીસ્ટીગ બિઝનેસની એફીશિયન્સી કઈ રીતે વધારી શકાય તે અંગે ચર્ચા કરી હતી. સુરતને નવા સ્કેલ ઉપર લઇ જવા માટેની વિવિધ કલ્પનાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

કેપીટલ એન્ડ કોમોડીટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી હેમંત આઇ. દેસાઇએ જણાવ્યુ હતુ કે યુવા વર્ગ પાસે આઇડીયાઝ છે અને હવે સુરત પણ સ્ટાર્ટઅપ ઓપ્શન ઓફ ઇન્વેસ્ટમેન્ટ તરીકે ઉભરી રહયુ છે. તેમણે કહયુ કે સ્ટાર્ટઅપમાં વેલ્યુએશન ગ્રોથ મહત્વનું છે અને તે હવે વન ટુ વન બેઝીસ ઉપર થઇ રહયુ છે. બીએસઇ અને એનએસઇ ઉપર સ્ટાર્ટઅપને મુકવાની દરખાસ્ત કરાઇ છે.

આંત્રપ્રિન્યોર્સ ડેવલપમેન્ટ કમિટીના કો–ચેરમેન શ્રી કશ્યપ પંડયાએ જણાવ્યુ હતુ કે મુંબઇ અને બેંગ્લોરમાં જે રીતે સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ બની છે તે હજી સુરતમાં બની નથી. સ્ટાર્ટઅપ નવા ઇનોવેશનને એન્કરેજ કરે છે. તેમાં રિસ્ક અને રિવોર્ડ બંને હોય છે.

કાર્યક્રમના અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.